# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વાવાઝોડાથી ખેડૂતોને ભારે નુકસાન

## સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, મોડાસા, બાયડ, વિજયનગર, ઈડર, શામળાજી પંથકમાં એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા વરસ્યા : મોંઘા ભાવનો સુકો ઘાસચારો પલળ્યો પશુપાલકો ચિંતાતુર

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, મોડાસા, બાયડ, વિજયનગર, ઈડર, શામળાજી પંથકમાં એકા-એક વાતાવરણમાં કુદરતી રીતે પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા વરસ્યા હતા.મોંઘા ભાવનો સુકો ઘાસચારો પલળ્યો હતો જેના કારણે પશુપાલકો ચિંતાતુર બન્યા છે.



ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં નાટ્યત્મક રીતે પલટો આવ્યા બાદ વરસાદના અમી છાંટણા આવતા ઠંડક પ્રસરી હતી. ગત રાત્રે વીજળીના કડાકા-ભડાકા સાથે ધોમધખતા ઉનાળાના શુભારંભ સાથે જ અસહ્ય કાળઝાળ ગરમી આક્રમક બને તે પહેલાં જ વાતાવરણમાં નાટ્યાત્મક રીતે એકા-એક પલટો આવી રહ્યો છે.દિવસ દરમ્યાન કાળઝાળ અસહ્ય ગરમીનો પ્રકોપ ધીમે-ધીમે આગળ વધતો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ જ હોય છે.વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવતો હોવાના કારણે ખેડુતોના જીવ ગભરાયા હોવાનું જાણવા મળેલ છે.આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે અમી છાંટણા વરસતાં ભીની માટીની મહેંક સાથે જ સામાન્ય રીતે ગરમીના માહોલમાં ઠંડક પ્રસરી હતી. ઉનાળાની સીઝનમાં કમોસમી વરસાદ વધુ આવશે તેવા એંધાણ વર્તાતા હોવાના કારણે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, મોડાસા, બાયડ, વિજયનગર, ખેડબ્રહ્મા, મેઘરજ, માલપુર તાલુકાના ખેડુતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં એકા-એક ઠંડા તીવ્ર પવનો ફુકાયા હતા.આકાશમાં વાદળો ઘેરાયા અને ક્યાંક-ક્યાંક વરસાદ વરસ્યો હતો.ખેડુતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ગરમીનો પારો એકા-એક ઉંચો આવતા ઉનાળાની સીઝન આકરી બનશે તેવા એંધાણ વર્તાતા હતા ત્યારે ગરમીના પારાની વધ-ઘટ વચ્ચે છેલ્લા બે-ત્રણ દિવસથી મોસમનો મિજાજ સતત બદલાતો રહ્યો છે. વહેલી સવારે અને સાંજે આકાશ વાદળો ઘેરાયા બાદ ક્યાંક-ક્યાંક વરસાદના અમીછાંટણા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં ભીની માટીની મહેંક પ્રસરી સાથે-સાથે આહલાદક ઠંડક પ્રસરી હતી .તીવ્ર પવન સાથે જોરદાર વાવાઝોડું ફુકાતા પશુપાલકોએ હોંશે-હોંશે મોંઘાભાવે ખરીદેલ હુસેલ, મગફળીનું ભુસું, બાજરીના પુળા, સુકો ઘાસચારો પલળી ગયો હતો. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે ધરતીપુત્રોમાં ચિંતાનું મોજુ જોવા મળેલ છે.પવનના સુસવાટા સાથે જોરદાર વાવાઝોડુ આવતા ઠેર-ઠેર મોટા-મોટા હોર્ડિંગ્સો, લગ્ન મંડપો,



નાના-મોટા વર્ષો જુના વૃક્ષો ધારાશાયી, મકાનોના પતરા ઉડ્યા હતા. ભિલોડા, નારણપુર, નારસોલી, વાંકાનેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. ધુળની ડમરીઓ ઉડતા વાહન-ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉનાળાની સીઝન દરમ્યાન ગરમીનો પારો ૪૧ ડિગ્રી સુધી પહોંચ્યો હતો ત્યારે પ્રજાજનો પરસેવાથી ન્હાઈ રહ્યા હતા. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે વાતાવરણમાં કુદરતી રીતે પલટો આવ્યા બાદ પવનની સાથે-સાથે વરસાદ આવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. અસહ્ય કાળઝાળ ગરમીથી તોબા-તોબા પોકારતા પ્રજાજનોએ ઠંડકના કારણે હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસા રૂરલ પોલીસે છ લાખના દારૂના જથ્થો સાથે ૬ શખ્સોને ઝડપાયા

## પોલીસે વિદેશી દારૂ સહિત ૬,૩૫,૦૦૦નો મુદામાલ જપ્ત કર્યો

મોડાસા, તા.૨૧

રાજયમાં ચૂંટણી નજીક આવીરહી છે તેમ વિદેશી દારૂની માંગમાં વધારો થયો છે તેથી રાતો રાત લખપતિ થવાની વિચારધારા ધરાવતા ૬ જેટલા શખ્સોને મોડાસા રૂરલ પોલીસે ૧.૨૪ લાખના વિદશી દારૂ તથા ૨ વાહનો સાથે ઝડપી લઈ જેલ હવાલે કર્યા છે. ગુજરાતમાં નાકાબંધી વધતાં રાજસ્થાનથી કટીંગ કરી વિદેશી દારૂ લવાય છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત વિગત મુજબ મોડાસા રૂરલ પી.એસ.આઈ. એ.કે. વાળા તથા રાઈટર ચંદ્રસિંહ સહિતની ટીમ મેઢાસણ નજીક નાકાબંધીમાં હતા ત્યારે એસેન્ટ ગાડી નં. જીજે-૧ એચ.જી. ૪૭૮૯ની તલાશી લેતાં તેમાંથી ગેરકાયદેસર પાસ પરમીટ વગરનો વિદેશી દારૂની બોટલ તથા ટીન ૮૪૯ મળી કુલ ૧,૨૪,૦૦૦ રૂપિયાનો જથ્થો મળી આવ્યો હતો. આ એસેન્ટ કારનું અલ્ટો ગાડી નં. આર.જે. ૨૭ સી.જી. ૪૯૦૪માં બેઠેલા ત્રણ શખ્સો પાયલોટીંગ કરતા હતા અને પોલીસ રોડ પર ન દેખાય તો લીલી ઝંડી આપતા હતા તે પ્રમાણે વિદેશી દારુનો જથ્થો ગુજરાતમાં પ્રવેશતો હતો. ઉપરોક્ત વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા છ શખ્સોને મોડાસા રૂરલ પી.એસ.આઈ. એ.કે. વાળાએ ધરપકડ કરી પ્રોહીબીશન એકટ ની કલમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. ટૂંક સમયમાં રૂરલ પી.એસ.આઈ. એ.કે. વાળા તથા રાઈટર ચંદ્રસિંહની ટીમે મેઢાસણની સીમમાંથી ત્રીજો મોટો જથ્થો પકડી પાડતાં પોલીસ તંત્રની કામગીરીની પ્રશંસા થઈ રહી છે.



(તસવીર : ચેતન રામી, પાટણ)

### અરવલ્લી જિલ્લા પોલીસ વડા કડક બનતાં રાજસ્થાનમાં કટીંગ થાય છે

એક વખતના રેન્જ આઈ.જી. શમશેર સિંગ કડક બનતાં અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂનું કટીંગ થતું ન હતું. ત્યારબાદ મેઘરજ તથા ઉત્તરાણ પાસે વિદેશી દારૂનું કટીંગની પરવાનગી હતી ત્યાર બાદ નવા આવેલા જિલ્લા પોલિસ વડા મયૂર ચાવડા કડક બનતાં હવે અરવલ્લી જિલ્લાના બદલે રાજસ્થાનના બોર્ડર એરીયામાં દારુનું કટીંગ થાય છે ત્યાંથી એસેન્ટ, અલ્ટો, સુમો, જીપ મારફતે વિદેશી દારુ ગુજરાતમાં લાવવામાં આવે છે. આમ ગુજરાત પોલીસ કડક બને કે ઢીલી પણ વિદેશી દારુની હેરાફેરી પર રોક લાગતી નથી.

# દેશમાં ત્રીજા મોરચાને સ્પષ્ટ બહુમતી મળશે : અખિલેશ યાદવ

## પાટણના હનુમાન ગ્રાઉન્ડમાં ચૂંટણી સભા યોજાઈ, મોટી સંખ્યામાં પદાધિકારી-કાર્યકરો જોડાયા

પાટણ, તા.૨૧

પાટણ સ્થિત ખાડીયા વિસ્તારમાં આવેલ બળીયા હનુમાન ગ્રાઉન્ડ ખાતે આજે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે તેમના ગુજરાતના ૧૧ લોકસભાના ઉમેદવારોને જીતાડવા માટે તેમના સમર્થનમાં એક સભાને સંબોધી હતી.

આ સભામાં અખિલેશ યાદવે ઉત્તરપ્રદેશ અને ગુજરાતનો નાતો યદુવંશથી હોવાનું અને ભગવાન કૃષ્ણ યુપીથી ગુજરાત આવ્યા હોવાનું જણાવ્યું હતું અને ગુજરાતના વિકાસ મોડેલની ટીકા કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં ગરીબોના ઘર માટે ૬૦ હજારથી વધારે સહાય કરાતી નથી જ્યારે ઉત્તરપ્રદેશમાં વીસ કરોડની જનસંખ્યા હોવા છતા ૧.૬૦ લાખની સહાય ગરીબોને ઘર માટે આપવામાં આવે છે. ઉપરાંત ગુજરાતની મુલાકાતમાં ગુજરાતની પ્રજાના ભરપુર વખાણ કર્યા હતા. તેમણે આગામી લોકસભાની ચૂંટણીમાં ત્રીજા મોરચાને સ્પષ્ટ બહુમતી મળશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના જેલ મંત્રી રાજેન્દ્ર ચૌધરી, સુરેન્દ્ર યાદવ, મહાસચિવ રામચંદ્ર સહાની સહિત પાટણના ઉમેદવાર બાબુભાઈ રબારી અને પાર્ટીના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.



(તસવીર : ચેતન રામી, પાટણ)

# બનાસકાંઠામાં યોજાનાર મોદીની પ્રથમ જાહેર સભાને લઈ લોકોમાં ભારે ઉત્સાહ

પાલનપુર, તા. ૨૧

આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર ઘોષીત થયા બાદ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સૌ પ્રથમ જાહેર સભા ગુજરાતમાં નક્કી થતાં આગામી ૨૩ એપ્રિલે બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના ઉમેદવાર જાહેર થયા પછી નરેન્દ્રભાઈ મોદીની સમગ્ર ભારતમાં જાહેર સભાઓનો દૌર શરૂ થતાં બનાસકાંઠાને જાહેર સભા મળતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં કાર્યકરો અને આમ જનતામાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું છે.

૨૩ એપ્રિલના રોજ બપોરે ૨.૦૦ વાગે હવાઈપીલ્લર મેદાન, ડીસા ખાતે મોદીની જાહેર સભાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પાટણ અને બનાસકાંઠા બે લોકસભા મતવિસ્તારને આવરી લેતી જંગી સભા ડીસા ખાતે યોજવા બંન્ને જિલ્લાના કાર્યકરોમાં અદમ્ય ઉત્સાહ વર્તાઈ



રહ્યો છે. પ્રદેશથી લઈને શક્તિકેન્દ્ર સુધીના સૌ આગેવાનો અને કાર્યકરો આ સભામાં જંગી મેદની ઉમટી પડે તે માટે દિનરાત અથાગ મહેનત કરી રહ્યા છે. વડાપ્રધાન પદના ઉમેદવાર મોદીની બનાસકાંઠામાં જાહેર સભાના સમાચારોએ જિલ્લાવાસીઓમાં પણ નવી ચેતનાનો સંચાર કર્યો છે. અને બનાસવાસીઓ પોતાના ભાવિ વડાપ્રધાનને સાંભળવા વિશાળ સંખ્યામાં ઉમટી પડે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક દાયકામાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારે 'સૌનો સાથ સૌનો વિકાસ' સુત્રને સાર્થક કરીને રાજ્યના છેવાડાના ગણાતા બનાસકાંઠા જિલ્લામાં અનેક વિધ વિકાસ કામો આપીને જિલ્લાનું પછાતપણાનું કલંક મિટાવ્યું છે. શૈક્ષણિક દષ્ટિએ છેલ્લો ગણાતા આ જિલ્લામાં નરેન્દ્રભાઈ મોદીએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ, કોલજો, એન્જીનીયરીંગ કોલેજ, પ્રાથમિક શાળાઓ, પુરતા શિક્ષકો વિગેરેની સાથે સાથે સુઈગામ જેવા સરહદી તાલુકાઓમાં જાતે આવીને બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવીને આ જિલ્લાને શૈક્ષણિક પછાતપણાના કલંકથી મુક્ત કર્યો છે. ખેડૂતોની વાત કરીએ તો છેક કેવડીયા કોલોનીથી પ્રસ્થાન થયેલ મા નર્મદા પાકિસ્તાનની સરહદે આવેલા વાવ તાલુકાના છેવાડાના ગામો સુધી કેનાલો, સબકેનાલો, ડિસ્ટ્રીબ્યુટરીકેનાલો મારફત ખેડૂતોના ખેતરે-ખેતરે ફરી વળ્યા છે. જિલ્લાના ખેડૂતો પોતાની વર્ષોથી સુકી પડેલી બંઝર ભૂમિમાં મબલખ પાક મેળવીને સમૃદ્ધિ તરફ આગળ વધ્યા છે. માથે બેડા ઉપાડીને પીવાનું પાણી લાવતી બહેનોના માથેથી બેડાનો ભાર દૂર થયો છે અને ઘેર ઘેર નળથી નર્મદાનું શુદ્ધ પાણી આપીને શ્રી મોદીએ આ વિસ્તારનો વર્ષોજૂનો પીવાના પાણીનો પ્રશ્ન હલ કર્યો છે. ત્યારે મોદીની સભામાં જંગી મેદની ઉમટી પડશે તેવો વર્તારો દેખાઈ રહ્યો છે.

## પ્રાંતિજ ટોલનાકા પાસેથી ૨૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

પ્રાંતિજ, તા.૨૧

પ્રાંતિજના કતપુર પાસે આવેલ ટોલનાકા પાસેથી પ્રાંતિજ પોલીસે રૂ. ૨૬ હજારના વિદેશી દારૂના જથ્થા સાથે બે બુટલેગરોને ઝડપી પાડયા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાંથી મળેલી માહિતી મુજબ પ્રાંતિજના કતપુર પાસેના ટોલ નાકા પાસે પ્રાંતિજ પોલીસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. દરમિયાન હિંમતનગરથી અમદાવાદ તરફ જતી કાર નં. જીજે-૧ ડીકે, ૩૬૦૦ની તપાસ કરતા તેમાંથી પોલીસને દારૂ અને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાંથી કુલ ૨૬ હજારનો દારૂના જથ્થા સહિત મોબાઈલ અને કાર મળી કુલ રૂ. ૫૭,૦૦૦નો મુદ્દામાલ સાથે સંદીપ કમલેશ ઠકકર અને નરેશ જયંતિ ઠકકરને ઝડપી પાડયા હતા. આ સંદર્ભે પોલીસે બંને વિરધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઊંઝા ગંજબજારની એક દુકાનમાંથી ૩૦ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ઊંઝા, તા. ૨૧

વેપારી મથક ઊંઝા ગંજબજારમાં આવેલ એક દુકાનમાં મહેસાણા પેરોલ ફલો સ્કવોર્ડે દારૂ અંગે અચાનક દરોડો પાડી એક વ્યક્તિને ઝડપી લઈ રૂપિયા ૩૦,૬૦૦ની કિંમતની મત્તાની દારૂ અને બિયરની બાટલીઓનો જથ્થો કબજે કરતાં ગંજબજારના વેપારીઓમાં ભારે સનસનાટી મચી ગઈ હતી.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે નવા ગંજબજારમાં આવેલ દુકાન નં. ૩૪માં દારૂનો જથ્થો હોવાની મળેલ ખાનગી બાતમીના આધારે મહેસાણા પેરોલ ફ્લો સ્કવોર્ડના અધિકારીએ સ્ટાફ સાથે બપોરના સમયે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં દુકાનની અંદર તપાસ કરતાં દારૂની ૧૦૭ બાટલીઓ તેમજ બિયરની ૪ ટીન મળી દારૂની કુલ ૧૧૧ બાટલીઓ કબજે કરી હતી. જેની કિંમત ૩૦,૬૦૦ રૂપિયા થવા જાય છે. પકડાયેલ દારૂના જથ્થા અંગે પોલીસે પટેલ મુકુંદકુમાર લલિતકુમાર રહે. ઊંઝાની ધરપકડ કરી તેમની વિરૂદ્ધ સ્થાનિક પોલીસમથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દારૂના ગુનાઓમાં પકડાયેલ શખ્સ ગંજબજારમાં કૃષિ માલોના વેપારના ઓઠાતળે બહારથી દારૂની આયાત કરીને તેનું વેચાણ કરતો હતો તેવું કહેવાય છે. એશિયાભરમાં વેપારક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવતા ઊંઝા માર્કેટયાર્ડની દુકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાતાં બજારના વેપારી વર્ગમાં આ વાત ટોક ઓફ ધ ટાઉન બની હતી.

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીડીસીમાં આજથી 'પંચતંત્ર' પર વ્યાખ્યાન શ્રેણી

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૧

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ.એમ. પટેલ કેરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી)માં આવતીકાલ મંગળવાર, ૨૨ એપ્રિલથી વારાણસીસ્થિત સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વ વિદ્યાલયમાંથી સંસ્કૃતમાં પીએચ.ડી. કરનાર ડૉ.ક્ષિતીશ્વર નાથ પાંડેય 'પંચતંત્ર' પર પાંચ દિવસ સુધી વ્યાખ્યાન આપશે. વ્યાખ્યાન શ્રેણીનો શુભારંભ સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલના આર્શીવચન સાથે થશે. નડિયાદના સંસ્કૃત મહાવિદ્યાલયમાં છેલ્લાં દસ વ"ાૅથી અધ્યાપક તરીકે સેવારત મૂળ વારાણસીના પંડિત પાંડેય મંગળવાર થી શનિવાર સુધી રોજે રોજ સાંજના ૪ થી ૫ દરમિયાન પંચતંત્ર પર જાહેર વ્યાખ્યાન આપશે, એવું સીડીસીના નિયામક ડૉ.હરિ દેસાઈએ જાહેર કર્યું હતું. સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનું સારસ્વત સન્માન પ્રાપ્ત કરનાર ડૉ.પાંડેય વ્યાકરણના પંડિત છે.

ભારતીય સંસ્કૃતિ સૌને મિત્રની દ"ટિએ જુએ છે એટલે જેના સૌથી વધુ મિત્રો એ સફળ થાય છે. સંસ્કૃતમાં પીએચ.ડી.નો મહાનિબંધ લખનાર અને યુજીસીની નૅટ-જેઆરએફમાં ઉત્તીર્ણ ડૉ.પાંડેય (૧) મિત્રભેદ (૨) મિત્રલાભ (૩) કાકોલૂકીય (૪) લબ્ધપ્રણાશ અને (૫) અપરીક્ષિતકારક પર વ્યાખ્યાનો આપશે અને ઉત્સુકોને આ વ્યાખ્યાન શ્રેણીનો લાભ લેવા માટે જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧